

**લલિત મોદીના મામલે સુષ્મા પર વધતુ દબાણ** Page-6


**સુવિચાર : ક્ષણિક આવેશ આપણને ધક્કો મારે છે.. જ્યારે વિવેક, સંયમ આપણને પડતા બચાવી લે છે - રમણ મહર્ષિ**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૯ | ૧૮ જૂન, ૨૦૧૫, ગુરૂવાર ; અષાઢ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં ‘વસંત વગડે’ સીબીઆઈના દરોડા



## પૂર્વ કાપડ મંત્રી અને વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાને સીબીઆઈ અધિકારીઓની ૧૦ કલાક પુછપરછ : કથિત એનટીસીના ૧૭૦૦ કરોડના જમીન કૌભાંડનો મામલો પુનઃ ખોલાયો : વાઘેલા સહિત સાત સામે એફઆઈઆર બાદ વ્યાપક દરોડા : કુલ નવ સ્થળો પર એક સાથે દરોડા : સંપત્તિમાં તપાસ

નવી દિલ્હી,તા. ૧૭

ભૂતપૂર્વ કેન્દ્રીય ટેક્સટાઈલ પ્રધાન અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશનના તત્કાલિન ચેરમેન કમ મેનેજિંગ ડિરેક્ટર સહિત અન્ય છ સામે એફઆઈઆર દાખલ કરતા ખળભળાટ મચી ગયો છે. બીજી બાજુ ૧૭૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાના આવાસ અને સંપત્તિ પર એક સાથે દરોડા સીબીઆઈએ પાડતા ખળભળાટ મચી ગયો છે. વહેલી સવારથી સીબીઆઈએ દરોડાની કામગીરી શરૂ કરી હતી અને સાંજ સુધી આ કાર્યવાહી ચાલુ હતી. એટલે કે સવારે સાત વાગ્યાથી કાર્યવાહી શરૂ થયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી દરોડાની કાર્યવાહી ચાલી હતી જેમાં વાઘેલાના આવાસ ઉપર તમામ ચીજવસ્તુઓની ચકાસણી કરવામાં આવી હતી. સીબીઆઈના અધિકારીઓની ટીમ સવારે જ પહોંચી ગઈ હતી અને સર્ચવોરંટ સાથે આ ટીમ પહોંચી હતી જેથી કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈ દ્વારા નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશનની જમીનો વેચી મારવાના ૧૭૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં શંકરસિંહ વાઘેલાને આજે સકંજામાં લીધા હતા. સીબીઆઈએ અમદાવાદ અને ગાંધીનગર સહિત ગુજરાતભરમાં શંકરસિંહ વાઘેલાના નવ સ્થળ ઉપર એક સાથે દરોડા પાડ્યા હતા. વાઘેલાની કલાકો સુધી પુછપરછ થઈ હોવાના પણ અહેવાલ મળ્યા છે. એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે જેથી તેમના ઉપર આવનાર દિવસોમાં વધુ મુશ્કેલી સર્જાયે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આ અગાઉ એફઆઈઆર

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય કિન્નાખોરી રાખીને મારી સામે કાર્યવાહી : શંકરસિંહ



અમદાવાદ, તા.૧૭

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલાને આજે તેમના નિવાસ સ્થાને સીબીઆઈ દ્વારા કરવામાં આવેલા સર્ચ ઓપરેશનની ખુબ જ આકરા શબ્દોમાં પ્રત્તિક્રિયા વ્યક્ત કરી હતી. તેમણે સીબીઆઈની રેડ ભાજપના જ ઈશારે થઈ હોવાનો સીધો આક્ષેપ કર્યા હતો. અને સર્ચ દરમિયાન દર દસ પંદર મિનિટ સીબીઆઈના અધિકારી પર આવતા રહસ્યમય ફોન તરફ અંગુલી નિર્દેશ કરતા કોના ઈશારે આ બધુ થઈ રહ્યું હતું તે અંગે પણ શંકા વ્યક્ત કરી હતી. વર્ષ ૨૦૦૪થી

● અનુસંધાન પાન-૭ પર

# આજથી શહેરની શાળાઓમાં પ્રવેશોત્સવ

## સાત રૂટ નિયત કરાયા છે : એક હજારથી વધુ બાળકો પ્રવેશ મેળવશે : ગુણોત્સવમાં શહેરનું પરિણામ નબળુ

ગાંધીનગર, તા. ૧૭

શહેરી વિસ્તારની ૩૨ પ્રાથમિક શાળાઓમાં આજથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવની ઉજવણી શરૂ થશે. ગાંધીનગર શહેરમાં આ માટે સાત રૂટ નિયત કરવામાં આવ્યા છે. એક હજારથી વધુ જેટલા બાળકોને આ પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ આપવામાં આવશે.

ગાંધીનગર શહેરની પ્રા. શાળામાં પ્રવેશોત્સવ માટે પવિત્ર યાત્રાધામ બોર્ડના અધ્યક્ષ શ્રી મહેન્દ્ર ત્રિવેદી, ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે, મેયર શ્રીમતી હંસાબેન મોદી, શ્રી દિવ્યાંગભાઈ દવે, શ્રી પી. સી. ઠાકુર (આઈ.પી.એસ.), શ્રી બી.બી. સ્વૈન (આઈ.એ.એસ.) તેમજ મ્યુનિ. કમિશનર શ્રી જી. આર. ચૌધરી જોડાવાના છે.

સવારે ૮ વાગે મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી સે. ૬ની પ્રા. શાળા ખાતે, બાસણ ખાતે ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે, સે. ૨૪માં મ્યુનિ. કમિશનર શ્રી ચૌધરી, શ્રી પી.સી. ઠાકુર ગોકુળપુરા ખાતે, મેયર શ્રીમતિ હંસાબેન મોદી જી.ઈ.બી. ખાતે, દુષ્યંતભાઈ દવે સે. ૨૧ની પ્રા. શાળા ખાતે બાળકોને પ્રવેશ કરાવશે.

શહેરી વિસ્તારની શાળાઓમાં ત્રિદિવસીય પ્રવેશોત્સવને લઈ તમામ તૈયારીઓ સંપન્ન થઈ ચુકી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બાળકો સાથે સંવાદ તેમજ વૃક્ષારોપણ કરી પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવ દરમ્યાન તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરની ૧૬ શાળાઓ સી ગ્રેડમાં છે. જ્યારે ૩ શાળાઓ ડી ગ્રેડમાં છે. ૧૧ શાળાઓ બી ગ્રેડ ગુણોત્સવમાં મેળવ્યો છે. આ શાળાઓમાં પ્રવેશોત્સવમાં બાળકો દ્વારા કન્યા કેળવણી, બેટી બચાવો, જળ બચાવો જેવા વિષયો પર વક્તવ્ય રજુ કરવામાં આવશે.

## કચ્છ-ભૂજમાં સાર્વત્રિક વરસાદ સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં વરસાદ

અમદાવાદ, તા.૧૬

રાજ્યના વિવિધ ભાગોમાં આજે પણ વરસાદ જારી રહ્યો હતો. કચ્છ-ભુજમાં એક બાજુ સાર્વત્રિક વરસાદ પડ્યો હતો જ્યારે સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ વરસાદ પડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ત્રણ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. વરસાદના કારણે ખેડૂત સમુદાય ખુશખુશાલ છે પરંતુ ગુજરાતમાં મોનસુનની વિધિવત શરૂઆત હજુ થઈ નથી. પ્રિ-મોનસુન વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો છે. દરમિયન આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૬ અને લઘુમત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી નોંધાયું હતું.

ગુજરાતના વિવિધ ભાગોમાં આજે પણ ધોધમાર વરસાદ જારી રહ્યો હતો. સૌરાષ્ટ્રના જે ભાગોમાં ભારે વરસાદ થયો હતો તેમાં જામનગરનો સમાવેશ થાય છે. બીજી બાજુ આજે મહેસાણામાં પણ વરસાદની એન્ટ્રી થઈ હતી. હાલમાં અનેક વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. ગોંડલમાં ભારે વરસાદ થતા જનજીવને પણ અસર થઈ હતી.

દરમિયાન હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદ પડી શકે છે. ભારે વરસાદના કારણે રાજ્યના વિવિધ ભાગોમાં એકબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ગોંડલમાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે જેથી લોકો હવે સાવધાન પણ થઈ ગયા છે. આ વખતે રાજ્યના તમામ વિસ્તારો કરતા ગોંડલમાં સૌથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે.

ગુજરાતમાં મોનસુનને લઈને છેલ્લા ઘણા દિવસથી અટકળોનો દોર ચાલી રહ્યો છે. અમદાવાદ માટેની આગાહીમાં પણ જણાવવામાં આવ્યું છે કે, રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા પડી શકે છે. જો કે, આજે અમદાવાદ શહેરમાં કોઈ જગ્યાએ વરસાદ પડ્યો ન હતો પરંતુ કેટલીક જગ્યાઓએ વરસાદી માહોલ સર્જાયો હતો. જો કે, ગરમીના પ્રમાણમાં કોઈ ઘટાડો થયો ન હતો અને લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ આજે પણ કર્યો હતો.



(તસવીર : દિપક જાની)

યોગમય ગાંધીનગર - વિશ્વ યોગ દિવસને વધાવવા ગાંધીનગર શહેરમાં સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક સંસ્થાઓ યોગની તાલીમ શિબિરો યોજી રહી છે... શહેરમાં નિયમિત યોગના વર્ગો પણ વર્ષોથી કાર્યરત છે... હવે જ્યારે ઉજવણીમાં જોડાવવાનું છે ત્યારે ફલક વિસ્તરી રહ્યું છે... અને ઉત્સાહમાં પણ ઉમેરો થઈ રહ્યો છે... આગામી રવિવારે શહેરના ૩૫થી વધુ સ્થાનો પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગાસનો યોજાશે....

# ગાંધીનગર મેડીકલ કોલેજને ચોથા વર્ષની મંજૂરી મળી ગઈ

## ડિસેમ્બર સુધીમાં હોસ્પિટલ સંકુલના અપગ્રેડેશનની સમગ્ર કાર્યવાહી સંપન્ન કરી દેવામાં આવશે : સૂત્રો

ગાંધીગનર, તા. ૧૭

ગાંધીનગર મેડીકલ કોલેજને આખરે ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજુરી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા મળી ગઈ છે. આ મંજૂરી મળતાં જ કોલેજ સત્તાવાળાઓએ હાશ અનુભવી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજની ચોથા વર્ષની મંજુરી કાઉન્સીલના બે ઈન્સ્પેકશન બાદ મળી છે. કાઉન્સીલના પ્રથમ ઈન્સ્પેકશનમાં ૨૫થી પણ વધુ ત્રુટીઓ જણાઈ હતી.

આ પછી કાઉન્સીલ સમક્ષ આ ત્રુટીઓ દૂર કર્યાની જાણ કરી અને મંજુરીની માંગણી દોહરાવાઈ હતી. જેના પગલે બીજી વાર ઈન્સ્પેકશન જાન્યુઆરીમાં કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મેડીકલ કોલેજનું સંકુલ નવું બનાવવામાં આવ્યું છે તેમજ કોલેજ હસ્તકનું અપગ્રેડેશન ચાલુ હોવાથી ત્રુટીઓ વધુ બહાર આવી હોવાથી કોલેજ સત્તાવાળાઓ મુંઝવણમાં હતા. જો કે હવે કાઉન્સીલ દ્વારા આ મંજુરી અંગેની સત્તાવાર જાણ પણ કોલેજ સત્તાવાળાઓને કરી દેવામાં આવી છે. ૧૫૦ બેઠકો ધરાવતી આ મેડીકલ કોલેજ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત કરાઈ છે.

ગાંધીનગર હોસ્પિટલ સંકુલના અપગ્રેડેશનને આખરી ઓપ આપવામાં આવી રહ્યાના નિર્દેશો આવતાં કોલેજ સત્તાવાળાઓના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ડિસેમ્બરના અંત સુધીમાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે. એટલું જ નહિ હોસ્પિટલના નવા સંકુલનો કબ્જો મેળવવાની કાર્યવાહી પણ ટુંકમાં જ શરુ કરી દેવાશે. હાલ કોલેજમાં ૫૦૦ પથારીની સુવિધા છે.


**Little Angels’ School**

Address:- 682/2 Govt Qtrs, G-1 Type, Sector-8
Ph no. 232 45153

Monday to Friday, between 9 am to 2 pm

**Few Seats available**


Last few seats remaining...
Rush today to secure admission for your child in
**Little Angels’ School.**
Remember, you’re securing his/her future by investing here!

**Hurry today**

**Admissions open**
for classes
(From Playgroup, LKg, UKg, Std I to VIII)



**સ્મરણાંજલિ**



**મેજર વિનોદ જોષી**

न जायते म्रियते वा कदाचि -
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥
२-२० भागवत गीता

આ આત્મા કદી જન્મતો નથી કે, મરતો નથી.
ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે.
શરીર હણવાથી તે હણાતો નથી.
૨-૨૦ ભાગવત ગીતા

**આજે**
**આપની ચોથી પુણ્યતિથિએ...**
આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રમાણ

લિ.
**પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી**
**તથા સમગ્ર પરિવાર**
**ગાંધીનગર હોટલ્સ લિ.**
**સ્ટાફ પરિવાર**